| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૦/૦૯/૨૦૨૩  બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૫૫૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૫૩૭ લીટર દેશી દારૂ, ૧૨૯૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૯૨૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૮ બિયર ટીન, ૦૧ કર અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૫૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૫૫૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-  સમાચાર યાદી નં.૧૫૫૫/૨૦૨૩

**નિકોલઃ** નિલમભાઇ મગનભાઇ ગજેરા (ઉ.વ.૩૭) (વ્યવસાયઃ સી.એ.) (રહે.કુંજ હોમ્સ, બેટી બચાવો ગાર્ડન સામે નીકોલ) એ તા.૧૯/૦૯/૨૦૨૩ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને-૨૦૧૯ થી સને-૨૦૨૨ દરમ્યાન નિકોલ આદીશ્વર ગોલ્ડ કોમ્પલેક્ષ, દુકાન નંબર ૨૧૮, ૨૧૯, ૩૧૮, ૩૧૯ ખાતે આરોપી (૧) પીયુષભાઇ પરસોતમભાઇ પડસાળા અને (૨) હીરેનભાઇ પરસોતમભાઇ પડસાળા (બંને રહે. શ્યામવીલા-૨ પ્રાર્થના એકઝોટીકાની બાજુમાં, નિકોલ-નરોડા રોડ મુળ વતન. ગા.દુધાળા લાઠી તા.લાઠી જી.અમરેલી) નાઓએ ભેગા મળી નિલમભાઇના અલગ-અલગ ગ્રાહકો પાસેથી જીએસટી ટેક્ષના નાણા પેટે કુલ રૂપિયા ૮૧,૬૩,૪૦૪/- મેળવી લઇ જે જીએસટી ટેક્ષના નાણાના ખોટા ચલણો બનાવી તમામ રૂપિયાની ઉચાપત કરી તેમજ નિલમભાઇના ગ્રાહક "પી.ડી.લેબર સોલ્યુશન પેઢી" ના ખોટા બીલ મુકી રૂપિયા ૪૧,૬૮,૦૦૦/- મેળવી લઇ કુલ રૂપિયા ૧,૨૩,૩૧,૪૦૪/- ઉચાપત કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.ડી.જાટ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૫૬/૨૦૨૩</u>**

**એસ.જી.-૧ ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** ગોતા ઓગણજ રોડ ગોતા હાઉસીંગની બાજુમાં પાણીની ટાંકી સામે નવી બાનતી સાઈટ ખાતે રહેતા ધીરાભાઈ હિરાભાઈ ડામોર (ઉ.વ.૩૨) (મુળ વતન. ગામ-ગેલન તા-સિમ્બલવાડા જી-ડુંગરપુર રાજસ્થાન) તા.૧૮/૦૯/૨૦૨૩ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે એસ.જી.હાઈ-વે ગોતાબ્રીજ નજીક ઓલીવ ગ્રીસ બિલ્ડીંગ સામે રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે ઈકો ગાડી નંબર જીજે ૦૧ આરએ ૯૧૨૭ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે મૃત્યુ પામનાર ધીરાભાઈ ડામોરના બનેવી રામચંદ્ર જીવણ દાહમાએ એસ.જી.-૧ ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.એસ.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી